# નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ –૩૬૨૦૦૧

ફોન & ફેકસ : (૦૨૮૫) ૨૬૭૦૯૨૨, *E-mail : dsw@jau.in*


જા.નં. જૂકૃયુ/ડીએસડબ્લ્યુ/ટેક.૨/કેન્ટીન/ ૨૫૫૨ - ૨૫૫૪ /૨૦૨૫

જૂનાગઢ, તા.૦૯/૦૪/૨૦૨૫

## જા હે રા ત

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ કેમ્પસ ખાતે બાગાયતશાસ્ત્ર વિભાગના પાછળના ભાગમાં આવેલ **"યુનિવર્સિટી કેન્ટીન"** ૧૧ માસ માટે ચલાવવાઈચ્છતા ધંધાર્થીઓ પાસેથી લીવ એન્ડ લાયસન્સના કરાર મુજબ નિયત કરેલ ટેન્ડર ફોર્મ્સ તથા શરતો ₹ ૫૦૦/– રોકડેથી હિસાબી અધિકારીશ્રી (કેશ), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની કચેરીમાં જમાં કરાવી તેની અસલ પહોંચ અત્રે રજૂ કરવાથી તા. ૧૧/૦૪/૨૦૨૫ થી તા. ૨૧/૦૪/૨૦૨૫ સુધી કચેરીના સમય દરમ્યાન મળી શકશે.

ભરેલ ટેન્ડર ફોર્મ્સ સીલ બંધ કવરમાં પોસ્ટ/ કુરીયર અથવા રુબરુમાં નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની કચેરીને તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં કચેરીના સમય દરમ્યાન મળે તે રીતે મોકલવાનાં રહેશે. ટેન્ડર સાથે ડિપોઝીટના ₹ ૫૦૦૦/– રોકડા હિસાબી અધિકારીશ્રી (કેશ), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની કચેરીમાં ભરેલ રસીદ અથવા **"JAU FUND A/c"** ના નામનો ₹૫૦૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ ભાવ પત્રક સાથે જોડવાનો રહેશે.

સમય મર્યાદા બહારના કે અધુરાશવાળા તથા ડિપોઝીટ ભર્યા સિવાયનાં ભાવપત્રકો રદબાતલ ગણવામાં આવશે. આવેલ ભાવ પત્રકો માન્ય રાખવા કે રદ કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

**નોંધ :** કેન્ટીન માટેનાં ટેન્ડર ફોર્મ–એ તથા બી અલગ અલગ નાના બંધ કવરમા નાખી (કવર ઉપર ફોર્મ–એ તથા ફોર્મ – બી સ્પષ્ટ લખવાનું રહેશે) આ બંને નાના કવરને મોટા કવરમાં નાખી ઉપર **"યુનિવર્સિટી કેન્ટિન ચલાવવાના ભાવ"** એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

**સામેલ:** ૧) ટેન્ડર ફોર્મ–એ
૨) ટેન્ડર ફોર્મ–બી

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

**નકલ રવાના બહોળી પ્રસિદ્ધિ અર્થે:**

(૧) નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારુ.
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
(૫) હિસાબી અધિકારીશ્રી (કેશ), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ તથા ટેન્ડર ફી તેમજ ડિપોઝીટ જમા લઈ પહોંચ આપવા સારુ.

# નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ - ૩૬૨૦૦૧

ફોન & ફેક્સ : (૦૨૮૫) ૨૬૭૨૦૮૦-૯૦(Ext. ૪૨૫), E-mail : *dsw@jau.in*


## કેન્ટીન માટેનું ટેન્ડર ફોર્મ – એ
## (ચેક લિસ્ટ અને શરતો)

ટેન્ડર ક્રમાંક : ________________ ઇસ્યુ કર્યા તારીખ : ________________

| | | | |
|---|---|---|---|
| ૧. | પાર્ટીનું નામ | : | |
| ૨. | પાર્ટીનું સરનામું, ફોન/મોબાઇલ નંબર | : | |
| ૩. | જીએસટી નંબર | : | |
| ૪. | ફૂડ લાયસન્સ નંબર | : | |
| ૫. | આધાર નંબર | | |
| ૬. | ડિપોઝીટ ભર્યાની તારીખ તથા રસીદ નંબર/ તારીખ | : | |
| ૭. | સરકારી અર્ધસરકારી સંસ્થામાં કામ કર્યાના અનુભવની વિગત | : | |

### કેન્ટીન સંમતિ પત્રક

આથી હું.................................................................................................... ઉપરોક્ત ટેન્ડર સાથે સામેલ શરતોને આધિન જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કેમ્પસ ખાતેની બાગાયત શાસ્ત્ર વિભાગ પાછળ આવેલ યુનિવર્સિટી કેન્ટીન લિવ એન્ડ લાયસન્સનાં કરાર હેઠળ ૧૧ (અગીયાર) માસ માટે ચલાવવા ફોર્મ – એમાં ભરેલ માસિક ભાડા થી ચલાવવા માટે સંમતિ આપું છું. તેમજ યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા માટે ટેન્ડર સાથે સામેલ શરતો વાંચી અને સમજી છે અને તે તમામ શરતોને આધીન રહી યુનિવર્સિટી કેન્ટીન ચલાવવા સંમતિ આપું છું.

ભાવ ભરનારની સહી :

ભાવ ભરનારનું નામ :

કમિટીની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવેલ તારીખ

ટેન્ડર રજીસ્ટર પાના નં............... ક્રમ નં...................પર નોંધ કરી

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ**
**જૂ. કૃ. યુ., જુનાગઢ**

**જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ ખાતે આવેલ યુનિવર્સિટી કેન્ટીન લિવ એન્ડ લાયસન્સનાં કરાર હેઠળ ભાડેથી ચલાવવા માટેની શરતો**

૧. જે ઠેકેદારનું માસિક ભાડું વધુમાં વધુ હશે અથવા કેન્ટીન કમિટીને યોગ્ય જણાશે તેની અરજી સ્વીકારવામાં આવશે અને તે પાર્ટીને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે, તેઓને યુનિવર્સિટી સાથે તેમના ખર્ચે ૧૧ માસ માટે લિવ એન્ડ લાયસન્સનાં કરારો ₹ ૧૦૦૦/-નાં સ્ટેમ્પ પેપર ઉપર યુનિવર્સિટની શરતો મુજબ દિવસ-૧૦માં કરી આપવાના રહેશે તેમજ કેન્ટીન ચલાવવા અંગેનું લાયસન્સ સક્ષમ અધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે.

૨. કેન્ટીન ચલાવવા અંગેનો સઘળો ખર્ચ કેન્ટીન ભાડે રાખનારે ભોગવવાનો રહેશે તથા તે અંગેનાં ફર્નિચર વાસણો તથા અન્ય ચીજ વસ્તુ પોતાની લાવવાની રહેશે.

૩. તાજા ફરસાણ, બેકરી બિસ્કિટ, કન્ફેશનરી વસ્તુઓ, મીઠાઈ, શરબત, ચા, કોફી વગેરે સારી ગુણવતા, ભેળસેળ વગરની, નિયમિત અને પૂરતા પ્રમાણમાં કેન્ટીન કમિટી નક્કી કરે તે મુજબ પુરી પાડવાની રહેશે. ભાવપત્રક ગ્રાહકો વાંચી શકે તે રીતે રાખવાનું રહેશે. આ તમામ વસ્તુઓ કમિટી નક્કી કરે તે ભાવે વેચવાની રહેશે.

૪. કોન્ટ્રાક્ટર કેન્ટીન અંગેની મિલ્કત તેમજ વાપરવાના વાસણો સ્વચ્છ અને સુઘડ રાખવાના રહેશે. રોકવામાં આવેલ નોકરો પણ સ્વચ્છ, સુઘડ અને ચેપીરોગ મૂક્ત હોવા જોઈએ તેમજ કેન્ટીન કમિટીને અયોગ્ય લાગે તેવા નોકરોને તુરંત જ છુટા કરવાના રહેશે. આ અંગે ચેકીંગ કરવાનો અધિકાર કેન્ટીન કમિટીનો રહેશે. કેન્ટીનમાં નોકર તરીકે બાળ મજૂર (૧૮ વર્ષથી નીચેની વયના) રાખી શકશે નહીં.

૫. કોન્ટ્રાક્ટ ફીથી જે મિલ્કત સોંપવામાં આવે તેના બાંધકામ વગેરેમાં કોઈપણ જાતનો ફેરફાર યુનિવર્સિટીની મંજુરી વગર કરી શકાશે નહીં.

૬. સરકારશ્રી તરફથી જે ચીજવસ્તુઓ ઉપર કે કેફી પદાર્થો ઉપર પ્રતિબંધ મુકેલ હોય તે ચીજવસ્તુનું વેંચાણ કરી શકાશે નહીં.

૭. ઠેકેદારે જે ભાડા દરથી કેન્ટીનનો કોન્ટ્રાક્ટ રાખેલ હોય તે ભાડુ એડવાન્સમાં દર માસની પ્રથમ તારીખે અથવા માસના કામકાજના પ્રથમ દિવસે રોકડેથી ભરપાઈ કરી પાવતી મેળવી લેવાની રહેશે. સમયસર ભાડાની રકમ ભરવામાં નહીં આવે તો લેણી રકમ ઉપર કેન્ટીન કમિટી નક્કી કરે તે મુજબ ભાડા ઉપરાંતની પેનલ્ટી ભરવાની રહેશે.

૮. વીજળી વપરાશ અંગેનું મીટર મૂકેલ છે, તેના રીડીંગ મુજબ બિલની રકમ વિદ્યુત બોર્ડને ભરી બિલ તથા પહોંચની ઝેરોક્ષા નકલ અત્રેની કચેરીમાં તુરંત જ રજૂ કરી દેવાની રહેશે.

૯. પાણીનો પુરવઠો યુનિવર્સિટી તરફથી વિના મૂલ્યે પુરો પાડવામાં આવશે.

૧૦. કોન્ટ્રાકટની મુદત ૧૧ (અગિયાર) માસની રહેશે. કોન્ટ્રાકટ કરારની શરતો મુજબ જે કોન્ટ્રાક્ટર નહીં વર્તે તેનો ઈજારો ગમે ત્યારે એક માસની નોટિસથી કેન્ટીન કમિટી રદ કરી શકશે અને ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે, કેન્ટીન કમિટીને જો કેન્ટીન સેવા સંતોષકારક જણાશે તો માંગણીથી વધુ સમય માટે કેન્ટીન ચલાવવા દેવાનો હકક કેન્ટીન કમિટીને રહેશે.

૧૧. કુદરતી અકસ્માત, હુલ્લડ, તોફાન કે અન્ય રીતે કેન્ટીનના માલ -સામાનને નુકશાન થાય તો તેની જવાબદારી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની રહેશે નહીં.

૧૨. સોંપવામાં આવેલ યુનિવર્સિટી મિલ્કતને કોઈપણ જાતની ભાંગફોડ અગર બીજી રીતે નુકશાન થાય તો તેની જવાબદારી કેન્ટીન ભાડે રાખનારની રહેશે અને તે અંગેનો સઘળો ખર્ચ કોન્ટ્રાકટર પાસેથી યુનિવર્સિટી નક્કી કરે તે મુજબ વસુલ કરવામાં આવશે.

૧૩. કરાર અંગે કોઈપણ જાતનો મતભેદ ઉભો થશે, તો કેન્ટીન કમિટીનો નિર્ણય આખરી ગણાશે અને ઈજારદારને બંધનકર્તા રહેશે. આ બાબતે જ્યુરીડિકશન જૂનાગઢ શહેર રહેશે.

૧૪. ટેન્ડર સાથે ભરેલ ડિપોઝીટની રકમ ₹ ૫૦૦૦/- વગર વ્યાજે પરત કરવામાં આવશે અને આ ડિપોઝીટ પરત મેળવવા માટે અસલ પહોંચ સાથે અરજી કરવાની રહેશે.

૧૫. જે પાર્ટીના ભાવો મંજૂર કરવામાં આવશે તેને ₹ ૫૦,૦૦૦/- અથવા ૨(બે) માસનું મંજુર થયેલ ભાડુ બંન્ને માંથી જે વધુ હશે તે રકમ ડિપોઝીટ પેટે ભરવાની રહેશે જે કરારની મુદ્દત પુરી થયા બાદ ભાડે રાખનાર પાર્ટીએ કાર્યપાલક ઈજનેરશ્રી અને હિસાબીઅધિકારીશ્રી(કેશ)ની કચેરી પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી પરત મેળવવા અસલ પહોંચ સાથે અરજી કરવાની રહેશે.

૧૬. કોન્ટ્રાકટ કરારની મુદત પુરી થયા પછી જે-તે મિલકત ઉપર ઈજારદારનો કોઈ પણ જાતનો હકક દાવો રહેશે નહી અને નકકી કરેલ મુદતની અંદર મિલ્કતનો કબજો અસલ સ્થિતિમાં કાર્યપાલક ઈજનેરશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢને સોંપી આપવાનો રહેશે. થયેલ નુકશાનની રકમ કેન્ટીન કમિટીમાં નકકી કર્યા મુજબ ભરપાઈ કરવાની રહેશે.

૧૭. કેન્ટીનમાં રેડીયો, ગ્રામોફોન, ટેપ, ટી.વી., વગેરે વાપરવાની છૂટ રહેશે, પરંતુ આસપાસના વિસ્તારમાં ખલેલ ન પહોંચે તે રીતે જ આવા મનોરંજનના સાધનો વાપરવાની છૂટ રહેશે. જે અંગેની ફરિયાદ મળતા આવી છૂટછાટ આપોઆપ રદ ગણાશે.

૧૮. કોન્ટ્રાકટર કોન્ટ્રાકટના કરારના વર્ષ દરમ્યાન અન્ય કોઈપણ વ્યકિતને પેટા ઈજારો આપી શકશે નહી. આ કલમનો ભંગ થયે મિલ્કતનો કબજો પરત લેવાની સત્તા કેન્ટીન કમિટીને રહેશે.

૧૯. કેન્ટીનનો કોન્ટ્રાકટ રાખનાર ઠેકેદારે ફાયર સેફટી અંગેની જરૂરી સુવિધા કરી તે અંગેનું પ્રમાણપત્ર મહાનગરપાલિકા, જૂનાગઢમાંથી મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

૨૦. કેન્ટીનનો કોન્ટ્રાકટ રાખનાર ઠેકેદારને સરકારી/ અર્ધ સરકારી સંસ્થામાં સફળતાપુર્વક કેન્ટીન ચલાવવાનો ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ હોવો જરૂરી છે, આ અંગેનાં જરૂરી પુરાવા ટેન્ડર ફોર્મ સાથે આપવાનાં રહેશે

૨૧. કેન્ટીનનો કોન્ટ્રાકટ રાખનાર ઠેકેદારે ટેન્ડર ફોર્મ સાથે ફુડ લાઈસન્સ, આધાર કાર્ડ તથા જીએસટી નંબરની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. જો જીએસટી ન ભરતા હોય તો ડિકલેરેશન ફોર્મ રજૂ કરવાનું રહેશે.

૨૨. જે હેતુ માટે મિલ્કત ફાળવવામાં આવે તે સિવાયના હેતુ માટે મિલ્કતનો ઉપયોગ કરી શકાશે નહી.

૨૩. કેન્ટીન અંગેનો કોન્ટ્રાક્ટ આપવો કે ન આપવો તેનો અબાધિત અધિકાર કેન્ટીન કમિટીને રહેશે

૨૪. ઉપર મુજબની જણાવેલ શરતો પૈકી ટેન્ડર ફોર્મ સાથે જરૂરી પુરાવા નહીં હોય તો ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨૫. કોઈ વિવાદિત બાબતોમાં કેન્ટીન કમિટીનો નિર્ણય આખરી ગણાશે.

ઉપરની તમામ શરતો મને માન્ય અને બંધનકર્તા છે, તેની ખાતરી આપું છું. ઉપરની શરતો લીવ એન્ડ લાઈસન્સની શરતોમાં ઉમેરવામાં આવે તો મને આ અંગે કોઈ હરકત સરખુ નથી.

**તારીખ :** **અરજદારની સહી**

**સ્થળ :**

નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ- ૩૬૨૦૦૧
ફોન & ફેક્સ : (૦૨૮૫) ૨૬૭૨૦૮૦-૯૦(Ext. ૪૨૫), E-mail : dsw@jau.in

# કેન્ટીન માટેનું ટેન્ડર ફોર્મ – બી (માસિક ભાડાનાં ભાવ)

ટેન્ડર ક્રમાંક : ______________________ ઇસ્યુ કર્યા તારીખ : ______________________

| | | | |
|---|---|---|---|
| ૧. | પાર્ટીનું નામ | : | |
| ૨. | પાર્ટીનું સરનામું, ફોન/મોબાઈલ નંબર | : | |
| ૩. | પાર્ટીનો કેન્ટીન ચલાવવાના કામનો અનુભવ | : | |
| ૪. | જમીનનું નામ અને સરનામું ફોન/મોબાઈલ નંબર | : | |
| ૫. | ડિપોઝીટ ભર્યાની તારીખ તથા રસીદ નંબર/ તારીખ | : | |

કેન્ટીન સંમતિ પત્રક

આથી હું ................................................................ ઉપરોક્ત ટેન્ડર સાથે સામેલ શરતોને આધિન જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ કેમ્પસ ખાતેની બાગાયત શાસ્ત્ર વિભાગ પાછળ આવેલ યુનિવર્સિટી કેન્ટીન લિવ એન્ડ લાયસન્સનાં કરાર હેઠળ ૧૧ (અગીયાર) માસ માટે ચલાવવા માસિક ભાડું ₹................................. રકમ (અંકે રૂપિયા..........................................................) થી હું મારા ભાવ આપું છું અને યુનિવર્સિટી કેન્ટીન ભાડેથી ચલાવવા માટે ટેન્ડર સાથે સામેલ શરતો વાંચી અને સમજી છે અને તે તમામ શરતોને આધીન રહી યુનિવર્સિટી કેન્ટીન ભાડેથી ચલાવવા સંમતિ આપું છું.

ભાવ ભરનારની સહી :

ભાવ ભરનારનું નામ :

કમિટીની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવેલ તારીખ

ટેન્ડર રજીસ્ટર પાના નં.............. ક્રમ નં..................પર નોંધ કરી

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ**
**જૂ. કૃ. યુ., જુનાગઢ**